આદિજાતિ વિકાસ વિભાગ દ્વારા સંચાલિત આદર્શ નિવાસી શાળાઓમાં પ્રવેશ પરીક્ષા-૨૦૨૩ બાબત.

ઘણું જ જરૂરી / સમયમર્યાદા

નં.આવિ/અનશ/પ્રવેશ/૨૦૨૩/૧૦૭ થી ૨૨૭

નિયામક, આદિજાતિ વિકાસની કચેરી,
બિરસા મુંડા ભવન, સેકટર-૧૦/એ,
ગુજરાત રાજય, ગાંધીનગર
Email No. ansbranchtdd@gmail.com
તા.૨૮/03/૨૦૨૩

પ્રતિ,
કલેકટરશ્રી,
કલેકટર કચેરી,
જીલ્લા સેવા સદન, ---------------
જિલ્લો-

વિષય: નિયામક, આદિજાતિ વિકાસ, ગાંધીનગર હસ્તકની અનુસૂચિત જનજાતિની આદર્શ નિવાસી શાળાઓમાં શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪ માટે ધોરણ ૯ માં પ્રવેશ મેળવવા માટેની પ્રાવેશિક પરીક્ષાના આયોજન બાબત.

શ્રીમાન,

ઉપરોકત વિષય અન્વયે જણાવવાનું કે, આદિજાતિ વિકાસ ખાતા હસ્તકની અનુસૂચિત જનજાતિની ૭૫ આદર્શ નિવાસી શાળાઓમાં આગામી શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪ માટે ધોરણ ૯ માં ૪૫૬૦ જેટલી જગ્યાઓ ઉપર પ્રવેશ મેળવવા ઇચ્છા ધરાવતા અને રાજયની સરકારી શાળાઓ, ખાનગી શાળાઓ, ગ્રાન્ટ-ઇન-એઇડ શાળાઓ અને આશ્રમશાળાઓમાં હાલ ધોરણ ૮ માં અભ્યાસ કરતાં છાત્રોની પ્રાવેશિક પરીક્ષા અલગ અલગ પરીક્ષા કેન્દ્રો પર યોજીને તેમાં ઉતીર્ણ થનાર છાત્રોને મેરીટના ધોરણે નિવાસી શાળાઓમાં પ્રવેશ આપવાની કાર્યવાહી હાથ ધરેલ છે. ધોરણ ૯ માં પ્રવેશ મેળવવા ઇચ્છા ધરાવતા છાત્રોની ઓનલાઇન અરજીઓ (online application) મેળવવા અંગેની જાહેરાત તા.૨૧/03/૨૦૨૩ ના રોજ બહોળી પ્રસિધ્ધિ ધરાવતા વર્તમાનપત્રોમાં પ્રસિધ્ધ થયેલ છે. પ્રાવેશિક પરીક્ષા આગામી તા.૨૩/૦૪/૨૦૨૩ ને રવિવારના રોજ બપોરના ૩.૦૦ કલાક થી ૫.૦૦ કલાક સુધી યોજાનાર છે.

ઉકત ધોરણ ૯ ની પ્રાવેશિક પરીક્ષામાં વધુમાં વધુ બાળકો ભાગ લે તે માટે કાર્યવાહી કરવા આપના જીલ્લાના સંબંધિત જીલ્લા શિક્ષણાધિકારીશ્રીને આપની કક્ષાએથી જરૂરી સુચના આપવા તેમજ સંબંધિત તાલુકાઓના બી.આર.સી., સી.આર.સી. દવારા સરકારી શાળાઓ, ખાનગી શાળાઓ, ગ્રાન્ટ-ઇન-એઇડ શાળાઓ અને આશ્રમશાળાઓમાં હાલ ધોરણ ૮ માં અભ્યાસ કરતાં છાત્રો તેમજ તેઓના વાલીઓને માહિતગાર કરી જાહેરાતમાં દર્શાવેલ વેબસાઇટ ans.orpgujarat.com પર વધુમાં વધુ છાત્રો દવારા ઓનલાઇન અરજીપત્રક ભરવામાં આવે તે મુજબની કાર્યવાહી કરાવવા વિનંતી છે.

(સહી) ૨૪/૦૩/૨૩
નિયામક
આદિજાતિ વિકાસ
ગુજરાત રાજય, ગાંધીનગર

જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી, સુરત
આવક નં. 1518
તારીખ
શાખા ૧૨/૫

નકલ સવિનય રવાના:
માન.અગ્રસચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ જાણ સારૂ.

નકલ રવાના:
(૧) પ્રાયોજના વહિવટદારશ્રી, ------------ જી. ------------ તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.
(૨) જીલ્લા શિક્ષણાધિકારીશ્રી, ------------ જી. ------------ તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.
(૩) જીલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, ------------ જી. ------------ તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે

જા.નં - ૫૨૦૬
તારીખ - ૨૦/૦૭/૨૦૨૩

પ્રતિ,
અપીલાર્થીશ્રી

સરકારી શાળાઓ, ખાનગી શાળાઓ, ગ્રાન્ટ-ઇન-એઈડ શાળાઓની વર્તેલું દરિદ્ર નામ અપનાથી જરૂરી કાર્યવાહી કરવા બાબત નવા [illegible] --

District Education Officer
Surat. Dist. Surat.